# પ્રકાશ પર્વ દિપાવલીના આગમન પૂર્વે ગૃહીણીઓએ ઘરમાં સાફસફાઈ હાથ ધરી

## રાચરચીલુ સરખુ કરવુ, ગાદલા તપાવવા, રંગરોગાન તથા નકામી વસ્તુઓનો નિકાલ વગેરે કામ શરૂ

ગાંધીનગર, તા. ૮

આદ્યશક્તિની નવરાત્રીના સમાપન બાદ પ્રકાશપર્વ દિપાવલીને આવકારવા ગૃહીણીઓએ તૈયારીઓ આરંભી દીધી છે. નગરમાં ઘેર ઘેર સાફ સફાઈ સાથે દિવાળી કામ તડામાર ચાલી રહ્યું છે. ઉજાસ સાથે પ્રકાશના ઝગમગાટથી પોતાનું ઘર પણ દીપી ઉઠે તેવા શુભ આશયથી ગૃહીણીઓ ઘરનો ખુણે ખુણો ફંફોસીને સાફ કરી રહી છે. નવા સાજ-સજાવટવાળા ઘરમાં નવા વર્ષે પધારતા મહેમાનો અને સ્વજનો પણ આનંદ અને સંતોષ પામે તેવું આયોજન થઈ રહ્યું છે.



અંધકારને ઉલેચી પ્રકાશ રેલાવતા દિપાવલી પર્વને આવકારવા નગરની ગૃહીણીઓએ ઘરની સાફસફાઈ તેમજ અન્ય કામગીરી આરંભી દીધી છે. દિપાવલી પર્વ આડે હવે ફક્ત પંદર દિવસ બાકી રહ્યા છે ત્યારે પોતાના નિવાસસ્થાનને આકર્ષક અને સ્વચ્છ બનાવવા ઘરના રાચ-રચીલા તેમજ અન્ય કામો તડામાર રીતે સરખા કરવા ઘરના સભ્યો સાથે ગૃહીણીઓએ કમર કસી લીધી છે.

પોતાના નિવાસનો ખુણે ખુણો સાફ કરવો, રાચ-રચીલુ ચોખ્ખુ કરી દેવુ, ગાંદલા તપાવવા, વર્ષ દરમ્યાન ન માજેલા વાસણ માંઝી દેવા, ગરને રંગરોગાન તથા નકામી ચિજવસ્તુઓનો નિકાલ કરવો જેવા કામો હાથ ઉપર લીધો છે. દિપાવલી પર્વ નિમિત્તે ઘરમાં જરૂરી ચિજવસ્તુઓની ખરીદી કરવી અને ઘરને નવા રૂપરંગ સાથે સાજ સજાવટથી સજ્જ કરવા ગૃહીણીઓએ તમામ મોરચો સંભાળ્યો છે. પરંપરાગત રીતે દિપાવલી પર્વ સમયે જ એટલે કે વર્ષમાં એકવાર ઘરની સાફ સફાઈ જરૂરી બનતી હોય છે જે માટે આ જ સમય જ યોગ્ય ગણાઈ રહ્યો છે અને વર્ષોથી સાફસફાઈ દિપાવલી પર્વના આગમન પૂર્વે થતી જ આવી છે. નગરમાં હાલ ઘેર ઘેર ગૃહીણીઓ પોતાના નિવાસસ્થાને આ કામગીરીમાં જોતરાયેલી જોવા મળે છે.

કહેવત અનુસાર સ્વચ્છતા ત્યાં પ્રભુતા, જેમાં હાલ સરકાર દ્વારા પણ સ્વચ્છતા અભિયાન ચાલી રહ્યુ છે. જે મુજબ ઘરના આંગણા અને માર્ગો ઉપરથી પૂરજોશમાં સફાઈ ચાલી રહી છે. જ્યારે આ સમયે જ દિપાવલી પર્વનું આગમન થતાં ચો તરફ અને ઘરો પણ ચોખ્ખા થઈ જશે જેથી સર્વત્ર સ્વચ્છતાનો ઝગમગાટ ચમકી ઉઠશે.

# શહેરમાં રોડનેટવર્ક સુધારવા ૨૮.૫૦ કરોડના કામોની દરખાસ્ત

## વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી માર્ગોનું રીસર્ફેસીંગ હાથ ધરાશે : સેક્ટરોના આંતરિક રસ્તાઓ માટે પણ દરખાસ્ત

ગાંધીનગર, તા. ૮

આગામી વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષીને શહેરનું રોડનેટવર્ક ચકાચક બનાવવા તંત્ર દ્વારા રૂ. ૨૮.૫૦ કરોડના કામો સંદર્ભે વિભાગને દરખાસ્ત કરવામાં આવી છે. જેમાં બાકી રહેતા સેક્ટરોના રસ્તાના કામોનો પણ સમાવેશ થાય છે. જો કે વિભાગ દ્વારા આ કામોને હજુ મંજુરી આપવામાં આવી નથી.

આગામી વાઈબ્રાન્ટ સમિટને અનુલક્ષી શહેરમાં માર્ગ રીસર્ફીંગના કામોનું આયોજન કરવામાં આવ્યું છે. માર્ગ સુધારવા ઉપરાંત દીશાસૂચક બોર્ડ, સેન્ટ્રલ વર્જ સહીત જરૂરી બ્યુટીફીકેશનનું કામ પણ હાથ ધરવામાં આવશે. જેને અનુલક્ષી તંત્ર દ્વારા ખ-૧ થી ખ-૫ સુધીનો રસ્તો, ઈન્ફોસિટીવાળો માર્ગ તેમજ સેન્ટ્રલ વિસ્ટાના બન્ને સાઈટના રસ્તાની સુધારણાના કામો હાથ ધરવા વિભાગને દરખાસ્ત કરવામાં આવી છે. આ ઉપરાંત રોડ નં. ૭, છ-માર્ગ, સે. ૬ થી ૧૯ના તેમજ સે. ૨૦થી ૩૦ના બાકી રહેતા રસ્તાઓ અને જી.ટી.એસ. પ્રેસ સર્કલ અને જી.આઈ.ડી.સી.ના રસ્તાઓની સુધારણા માટે પણ વિભાગને દરખાસ્ત કરવામાં આવી છે. આ વિવિધ રસ્તાઓના રીસર્ફેસીંગ તેમજ જરૂરી બ્યુટીફીકેશન પાછળ રૂ. ૨૮.૫૦ કરોડનો ખર્ચ થાય તેવો અંદાજ છે. જો કે વિભાગ કક્ષાની આ કામોને વધુ મંજુરી આપવામાં આવી નથી. બીજીતરફ વાઈબ્રન્ટ સમિટ પણ નજીકમાં હોવાથી સમયસર કામ પૂર્ણ કરવું પણ તંત્ર માટે થોડુ મુશ્કેલ હોવાનું મનાઈ રહ્યુંછે. આવા સંજોગોમાં કામની ગુણવત્તા જળવાય અને સમયસર કામગીરી પૂર્ણ થઈ શકે તે માટે માર્ગ નવીનીકરણના કામો ઝડપથી હાથ ધરવામાં આવે તેવી પ્રબળ માંગ નાગરિકોમાં ઉઠવા પામી છે.

# સ્વચ્છતા જાળવવા પંચાયતના અધિનિયમ હેઠળની જુદી જુદી જોગવાઈઓ અંગે પોકેટબુક પ્રકાશિત કરાશે

ગાંધીનગર, તા. ૮

રાજ્યમાં સ્વચ્છતા જાળવવા માટે અધિનિયમો હેઠળની જુદી જુદી કાયદાકીય જોગવાઈઓ અંગે પોકેટબુક પ્રકાશિત કરવા માટે સંબંધિત વિભાગોને સૂચનો આપવામાં આવી છે

પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ વિભાગ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ સમગ્ર દેશમાં તાજેતરમાં સ્વચ્છ ભારત સપ્તાહ ઉજવવામાં આવ્યું છે. જે અંગે ગૃહ નિર્માણ વિભાગના સચિવ દ્વારા એક પ્રેઝન્ટેશન રજૂ કરવામાં આવ્યું હતું.

આ પ્રેઝન્ટેશનમાં બે વર્ષ તથા લાંબા ગાળા માટે સ્વચ્છતા અભિયાનના આયોજનની વિગતો રજુ કરવામાં આવી હતી અને આ આયોજન દ્વારા હાથ ધરવામાં આવનાર પ્રવૃત્તિઓનું પખવાડિક રીપોર્ટીંગ કરવા માટે સૂચવવામાં આવ્યું છે.

ઉચ્ચ અધિકારીઓની મળેલી બેઠકમાં રજુ કરવામાં આવેલા આ પ્રેઝન્ટેશન દરમ્યાન રાજ્યના તમામ ધોરીમાર્ગો પર નિશ્ચિત અંતરે જાહેર સ્વચ્છતા સંકુલોની વ્યવસ્થા ઉભી કરવા માટે પ્રવાસન વિભાગની નોડલ એજન્સીમાં જરૂરી કાર્યવાહી હાથ ધરવા માટે પ્રવાસન વિભાગ અને માર્ગ અને મકાન વિભાગને સૂચનાઓ આપવામાં આવી છે.

આ ઉપરાંત રાજ્યના શહેરોમાં આવેલી છુટક શાકભાજી બજારો કે જ્યાં મોટાભાગે મહિલાઓ જતી હોય છે ત્યાં ખાસ કરીને સ્ત્રીઓ માટેના સ્વચ્છતા સંકુલોની વ્યવસ્થા હોય તે સુનિશ્ચિત કરવા માટે પણ સંબંધિત

● અનુસંધાન પાન-૭ પર

# જાણિતા વેપારી બંસીલાલ સુખડીયાનું દુઃખદ નિધન

## જોગ-સંજોગવશ બંસીલાલના પત્ની પણ એક દિવસ પહેલા જ દેવલોક પામ્યા હતા

ગાંધીનગર, તા. ૮

શહેરના અગ્રણી વેપારી અને બંસી સ્વીટ માર્ટના માલિક બંસીલાલ ગિરધરલાલ સુખડીયાનું ૭૯ વર્ષની વયે આજે દુઃખદ અવસાન થયું હતું. તેમના પત્ની મંજુલાબેનનું પણ એક દિવસ અગાઉ જ અવસાન થયું હતું. પતિ-પત્નીના અવસાનથી નગરના વેપારીઆલમમાં પણ શોકની લાગણી વ્યાપી છે. જોગ-સંજોગવશ પતિ-પત્ની બન્નેનું મૃત્યુ આગળ પાછળના દિવસે જ થતા તેમના પરિવારજનો તેમજ ફરસાણ બજારના વેપારીઓમાં આઘાત સાથે દુઃખની લાગણી પ્રવર્તી છે.

શહેરના મીઠાઈ બજારમાં જુનુ અને જાણીતુ નામ ધરાવતી સે. ૨૧ બંસી સ્વીટ માર્ટના માલિક બંસીલાલ સુખડીયાનું દુઃખદ અવસાન થતા સુખડીયા પરિવારજનોમાં શોકનું મોજુ પ્રવર્ત્યુ છે. નગરના અગ્રણી વેપારી બંસીલાલના અવસાનથી વેપારી આલમમાં પણ દુઃખની લાગણી વ્યાપી છે. જોગ સંજોગ તેમના પત્ની પણ એક દિવસ અગાઉ જ દેવલોક પામ્યા હતા. સ્વ. બંસીલાલના પત્ની મંજુલાબેન સુખડીયાનું પણ મોત નિપજતા પતિ-પત્ની બન્નેના મોતથી સેક્ટરવાસીઓ તેમજ વેપારીઓમાં આઘાતની લાગણી વ્યાપી છે. વર્ષોથી મીઠાઈ બજારમાં આગવુ નામ ધરાવતા બંસી સ્વીટ માર્ટના માલિક બંસીલાલ પણ તેમના મિલનસાર સ્વભાવ અને પ્રામાણિક નીતિના લીધે વેપારી આલમ અને નગરજનોમાં પણ ચહીતા બન્યા હતા.



ગાંધીનગર-કોબા માર્ગ પર બપોરના અરસામાં એસ્ટીલો ગાડી અચાનક પલ્ટી ખાઈ જતાં અકસ્માત સર્જાયો હતો. કાર ચાલકે સ્ટીયરીંગ પરનો કાબુ ગુમાવી દેતા કાર પલ્ટી ખાઈ ગઈ હતી. જો કે સદ્ નસીબે કોઈ જાનહાની થવા પામી ન હતી. કારચાલકને સામાન્ય ઈજાઓ થતાં હોસ્પિટલમાં સારવાર અર્થે લઈ જવાયો હતો.

# શહેરમાં વાહનો ચોરી કરતા બે કોલેજીયનો ઝડપાયા

## ચોરેલા બાઈકનું પેટ્રોલ પુરું થાય એટલે બાઈક ત્યાં જ મુકીને જતા રહેતા હતા : ૧૦ બાઈક અને ૬ સાયકલ ચોરીનો ભેદ એલસીબીએ ઉકેલ્યો

ગાંધીનગર, તા.૮

માત્ર મોજશોખ માટે અને કોલેજમાં અલગ અલગ બાઈકો લઈ જતા રોલા પાડવા માટે વાહનોની ચોરી કરતા બે કોલેજીયન શખ્સો ગાંધીનગર એલસીબીના સકંજામાં આવી ગયા છે. અત્યાર સુધીમાં તે બંને શખ્સોએ મળીને ૧૦ બાઈકો અને ૬ સાયકલોની ચોરી કરી હોવાની પોલીસ સમક્ષ કબુલાત કરી લીધી છે બંને શખ્સોની ધરપકડ કરીને એલસીબીની ટીમે ઉંડી પુછપરછ શરુ કરી છે.

ગાંધીનગર એલસીબી પી.આઈ. આશુતોષ પરમારની સુચનાથી પીએસઆઈ એમ.સી. ગોહીલ, એએસઆઈ કરણસિંહ, અબ્બાસખાન, પો.કો. જયવિરસિંહ, સંદિપસિંહ સહીતની ટીમ પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન ક-૭ સર્કલ પાસેથી મુળ પડુસ્મા, માણસા તાલુકાના અને હાલ કોલવડાનાં સોમનાથ સોસાયટીમાં રહેતા અનિરૂધ્ધસિંહ ફતેસિંહ ચાવડા અને સે-૨૮ ચ ટાઈપ બ્લોક નં. ૯૪/૨ ખાતે રહેતા સંદિપ ઉર્ફે વીકી વિજયસિંહ વાઘેલા બંને શખ્સોને ચોરીના બાઈક નં. જીજે-૧૮ કે ૫૮૮૦ સાથે પકડી પાડયા હતા. બંનેની સઘન પુછતાછ કરતાં આ બાઈક સે-૨૭ ચોકડી પાસેથી ચોરી કર્યુ હોવાની કબુલાત ઉપરાંત સે-૨૬માં ચાલતા ટયુશન કલાસીસ પાસેથી ૬ સાયકલો ચોરી કરી હોવાની કબુલાત કરી લીધી છે. તે બંને કોલેજીયન શખ્સો બાઈક ડુપ્લીકેટ ચાવીથી ચોરીને પેટ્રોલ પુરું થાય ત્યાં

● અનુસંધાન પાન-૭ પર

# જીઈબી પ્લાન્ટના બંકર પરથી પટકાતા વૃદ્ધનું મૃત્યુ

## સવારે ૮ વાગ્યાના અરસામાં બનેલી ઘટના

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર શહેરને અડીને આવેલા જીઈબી પ્લાન્ટમાં સ્થિત બંકર પરથી આજે સવારના અરસામાં નીચે પટકાતા ૫૮ વર્ષના વૃદ્ધનું કમકમાટીભર્યું મૃત્યુ નિપજયું છે. સે-૨૧ પોલીસે આ બનાવ અંગે અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને મૃતદેહ પોસ્ટ મોર્ટમ કરાવી વધુ તપાસ શરુ કરી છે.

જીઈબી કોલોનીમાં રહેતા ૫૮ વર્ષીય વૃદ્ધ નિહારખાન અબ્દુલખાન પઠાણ આજે સવારના સુમારે જીઈબી પ્લાન્ટમાં આવેલા બંકર ઉપર ચઢયા હતાં. કોઈ રીતે જીઈબી પ્લાન્ટના બંકર પરથી નીચે પટકાઈ જતાં વૃદ્ધ નિહારખાનને ગંભીર ઈજાઓ થવા પામી હતી. એમ્બ્યુલન્સ મારફતે તેમને પરિવારજનો તાત્કાલિક ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સારવાર અર્થે લઈ ગયા હતા પરંતુ ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા. સે-૨૧ પોલીસને ઘટનાની જાણ થતા પીએસઆઈ બી.કે. અસારીએ મૃતદેહ પી.એમ. કરાવી અકસ્માત મોતનો ગુનો દાખલ કર્યો છે અને ઘટના કેવી રીતે સર્જાઈ તે અંગે ઝીણવટભરી તપાસ શરુ કરી છે.

# ગતિશીલ ગુજરાત કાર્યક્રમ હેઠળ ભારે સફળતા

## પ્રથમ મહિલા મુખ્યમંત્રી તરીકે રાજ્યનું નેતૃત્વ સંભાળનાર આનંદીબેને એક પછી એક વહીવટી સફળતા મેળવી લીધી

ગાંધીનગર, તા.૦૮

મુખ્યમંત્રી આનંદીબેન પટેલે કલ્યાણ રાજ્યના ધ્યેયને મૂર્તિમંત કરવાના જનસુખાકારી કાર્યોની લક્ષ્યાંક સિધ્ધિ માટે જાહેર કરેલ ગતિશીલ ગુજરાત લક્ષ્યાંક-૧૦૦ દિવસ કાર્યક્રમે ૧૩૯ ટકાથી લક્ષ્યાંક સિધ્ધિની જવલંત સફળતા મેળવી છે.

આનંદીબેને પ્રથમ મહિલા મુખ્યમંત્રી તરીકે રાજ્યશાસનનો પદભાર સંભાળ્યાના પ્રથમ ૩૦ દિવસ પૂર્ણ થવા અવસરે ગુજરાતની વિકાસયાત્રાની ગતિ-પ્રગતિને નવો મોડ આપવા તા. ૨૩ જૂન ૨૦૧૪ના ગતિશીલ ગુજરાત લક્ષ્ય-૧૦૦ દિવસ કાર્ય એજન્ડા જાહેર કર્યો હતો. પ્રવક્તા મંત્રીઓએ જણાવ્યું કે આ કાર્યએજન્ડાનો પાર પાડવા આનંદીબેન પટેલે સમગ્ર શાસનિક તંત્રને સતત માર્ગદર્શન પ્રેરણા આપતાં પ્રેરિત કર્યું તેની ફળશ્રુતિએ પ્રથમ તબક્કાના કાર્યએજન્ડામાં સમાવિષ્ટ થયેલી મુખ્ય ૧૧ વિષયો સાથેની ૫૧ કાર્યયોજનામાં સમગ્રતયા ૧૩૮.૮૪ ટકાની સિધ્ધિ ટીમ ગુજરાતે મેળવી છે. નીતિનભાઈ અને સૌરભભાઈ પટેલે જણાવ્યું કે, રાજ્યના વહીવટમાં પ્રજાભિમુખતા અને પારદર્શીતા સાથે જનસમસ્યાનું નિવારણ લાવી તેમજ કાર્યદક્ષ સેવા-સુવિધા પુરી પાડવાની કાર્યસંસ્કૃતિ આ ગતિશીલ ગુજરાત લક્ષ્ય-૧૦૦ દિવસ કાર્યએજન્ડાના પાયામાં રહેલી છે. આ સંદર્ભમાં પ્રથમ તબક્કાના ગતિશીલ ગુજરાત લક્ષ્ય-૧૦૦ દિવસ કાર્યએજન્ડાની સિધ્ધિઓની વિસ્તૃત વિગતો આપતાં તેમણે કહ્યું કે, પ્રથમ તબક્કાના કાર્યક્રમમાં મહિલાઓના સશક્તિકરણના આઠ મુદ્દાઓ સામે સરેરાશ ૧૬૮.૩૮, પોષણયુક્ત ગુજરાતના પાંચ મુદ્દાઓ સામે સરેરાશ ૧૧૧.૮૦, મહાત્મા ગાંધી સ્વચ્છતા અભિયાનના સાત મુદ્દાઓ સામે સરેરાશ ૪૦૬.૮૩, જાહેર વ્યવસ્થાના સુદ્રઢીકરણ અન્વયે સરેરાશ ૧૦૩.૯૫, ભરતી કેલેન્ડર અન્વયે ૨૦,૦૦૦ જગ્યાઓની ભરતી-ક્રિયા સામે ૨૬,૬૦૦ની ભરતી પ્રક્રિયા, , શાળાઓમાં સ્માર્ટ લર્નિંગ અન્વયે સરેરાશ ૧૦૪, લાભકારક રોજગારી મેળવવા કુશળતા ઉંચે લઈ જવાના મુદ્દામાં ત્રણ મુદ્દાઓ અન્વયે સરેરાશ ૧૦૧ અને ભરતી મેળા અન્વયે સરેરાશ ૧૧૮.૮૫, સિધ્ધિ હાંસલ કરી છે.


આઠમી વાર્ષિક પુણ્યતીથિએ
શ્રદ્ધાંજલિ



સ્વ. શ્રી કમલેશભાઇ અમૃતલાલ જાની
સ્વ. તા. ૯-૧૦-૨૦૦૭
સ્થાપકશ્રી : સમર્પણ મૂક-બધિર શિશુ વિદ્યામંદિર
આપની ખોટ તો કાયમ રહેશે. આપના સંસ્કારોનું જીવનમાં સિંચન કરી, આપના આદર્શોને સદાય અનુસરીશુ.
ગં.સ્વ. કૈલાસબેન કમલેશભાઇ જાની
વૈભવ કમલેશભાઇ જાની
રૂદ્ર વૈભવ જાની
દિપ્તી વૈભવ જાની
વેદ વૈભવ જાની
સમર્પણ પરિવાર






શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

SANGHI CEMENT | KisaN | ashirvad C. PVC, UPVC | VINAYAK 500 TMT BARS - ISI
BENELAVE BATH FITTINGS | DR.FIXIT | TATA STEEL • PIPES • SHEETS
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com